સુવિચાર : જો તમને સાચી દિશા અને સાચા સમયનું ભાન ન હોય તો ઉગતો સૂરજ પણ ડૂબતો લાગી શકે છે - ફાધર એન્થની

તાપમાન
મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૧૩.૨ ડીગ્રી
ભેજ
સવારે ૫૪ ટકા ● સાંજે ૪૩ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૯૮ | ૯ ડિસેમ્બર, ૨૦૧૫, બુધવાર ; કારતક વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ફટાફટ ન્યુઝ

- હરિયાણામાં બે ટ્રેન ટકરાતા એકનુ મોત, ૧૦૦ ઇજાગ્રસ્ત
- નરેન્દ્ર મોદી વધારે સક્રિય થવા માટેની તૈયારીમાં છે
- કેજરીવાલ-નાયડુ વચ્ચે ખૂબ સારા રાજકીય સમીકરણ છે
- સ્વચ્છ ભારત મિશનને કેજરીવાલે ટેકો આપ્યો
- ઈન્દિરા ગાંધીના પુત્રવધુ છે, કોઈનાથી પણ ભયભીત નથી : સોનિયા
- સ્ટાર સંજય દત્ત માર્ચમાં જેલમાંથી બહાર આવશે
- વધુ એક વર્ષ દાળની કટોકટી રહે તેવા એંધાણ
- અમેરિકામાં મુસ્લિમોના પ્રવેશ પર પ્રતિબંધની ટ્રંપની માંગણી
- કુવૈતથી ૧૧ ભારતીયને કાઢી મુકાયા
- એક વર્ષમાં રાષ્ટ્રીય પાર્ટીઓના ડોનેશનમાં ૧૫૧ ટકાની વૃદ્ધિ

# નેશનલ હેરાલ્ડ કેસમાં સોનિયા-રાહુલને રાહત

**૧૯મી ડિસેમ્બર સુધી સુનાવણીને સ્થગિત : વ્યક્તિગતરીતે ઉપસ્થિત થવાથી મુક્તિ આપવાની માંગ કરતી અરજી પટિયાલા હાઉસકોર્ટે માન્ય રાખી : ૧૯મીએ તમામને હાજર થવા માટે આદેશ**

નવી દિલ્હી,તા. ૮

ભારે સનસનાટી જગાવનાર નેશનલ હેરાલ્ડ કેસમાં કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીને આજે મોટી રાહત મળી ગઈ હતી. કારણકે દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટે ઉપસ્થિત થવાના મામલામાં સુનાવણી ૧૯મી ડિસેમ્બર સુધી ટળી ગઈ હતી. કોર્ટે અંગત રીતે ઉપસ્થિત થવામાંથી મુક્તિ આપવાની માંગ કરતી અરજીને સ્વિકારી લીધી હતી. આ કેસમાં હવે ૧૯મી ડિસેમ્બરના દિવસે સુનાવણી થશે. તમામ આરોપી ૧૯મી ડિસેમ્બરના દિવસે કોર્ટમાં ઉપસ્થિત રહેશે. બીજીબાજુ સોનિયા ગાંધીના વકિલે કહ્યું હતું કે તમામ આરોપી કોર્ટમાં હાજર થવા માટે તૈયાર છે. આ અગાઉ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ આ મામલામાં દિલ્હીની એક અદાલત સમક્ષ વ્યક્તિગત ઉપસ્થિતિમાંથી મુક્તિની માંગ કરી હતી. જેને સ્વિકારી લેવામાં આવી હતી. ૧૯મી ડિસેમ્બરના દિવસે વ્યક્તિગત રીતે ઉપસ્થિત થવા માટે તમામને કહેવામાં આવ્યું છે. આજે સવારે રાહુલ પુડુચેરીના પ્રવાસે રવાના થયા હતા. રાહુલ કુડ્ડાલોર જિલ્લામાં પણ જશે. અત્રે ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને ઉપપ્રમુખ રાહુલ ગાંધીને ગઈકાલે મોટો ફટકો પડ્યો હતો. કારણકે દિલ્હી હાઈકોર્ટે ભારે ચર્ચા જગાવનાર નેશનલ હેરાલ્ડ કેસમાં તેમની અરજીને ફગાવી દીધી હતી. સાથે-સાથે સોનિયા ગાંધી અને



● અનુસંધાન પાન-૭ પર

# આઈપીએલમાં રાજકોટની ટીમ સામેલ

**રાજકોટની અને પૂણેની ટીમ સસ્પેન્ડેડ થયેલી ચેન્નાઈ અને રાજસ્થાન રોયલ્સની જગ્યા લેશે : પૂણે ટીમને કોલકત્તાના બિઝનેસમેન સંજીવ ગોયેનકાની કંપની ન્યુ રાઈઝિંગ દ્વારા ખરીદાઈ : રાજકોટ ટીમનો ઈન્ટેક્સ મોબાઈલ દ્વારા ખરીદવામાં આવી**

નવી દિલ્હી,તા. ૮

પૂણે અને રાજકોટ આજે ઈન્ડિયન પ્રીમિયર લીગની નવી ફ્રેન્ચાઈસીસ ટીમ બની ગઈ હતી. જે બે વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવેલી ચેન્નાઈ સુપરકિંગ્સ અને રાજસ્થાન રોયલ્સની જગ્યાએ આઈપીએલમાં ભાગ લેશે. પુણે ટીમને કોલકત્તાના બિઝનેસમેન સંજીવ ગોયનકાની કંપની ન્યુ રાઈઝિંગ દ્વારા ખરીદી લેવામાં આવી છે. જ્યારે રાજકોટની ટીમને ઈન્ટેક્સ મોબાઈલ દ્વારા ખરીદી લેવામાં આવી છે. ગોયેનકા બીસીસીઆઈની દર વર્ષે ૧૦ કરોડ રૂપિયા આપશે. જ્યારે ઈન્ટેક્સ મોબાઈલે બે વર્ષના કરાર માટે ૧૬ કરોડ રૂપિયા આપશે. બોર્ડના સચિવ અનુરાગ ઠાકુરે આઈપીએલ સંચાલન સમિતિની બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, તેઓ બીસીસીઆઈથી એકપણ પૈસા લેશે નહીં. પરંતુ બોર્ડને પૈસા આપશે. બન્ને ટીમોને રિવર્સ હરાજી પ્રક્રિયા હેઠળ વેચવામાં આવી છે. જેમાં બેઈઝ પ્રાઈઝ ૪૦ કરોડ રૂપિયા હતી અને બોલી લગાવનારને આનાથી ઓછી રકમની બોલી લગાવવાની જરૂર હતી. ચેન્નાઈ સુપર અને રાજસ્થાન રોયલ્સના કેટલાક અધિકારી અને ટીમ માલિકો ૨૦૧૩ના સ્પોટ ફિક્સિંગ મામલામાં

● અનુસંધાન પાન-૭ પર

# ગણોત ધારામાં ઐતિહાસિક સુધારો

**ઉદ્યોગ હેતુ માટેની જમીનમાં મૂળ ખેડૂતનો ભાગ રાખવા રાજ્ય સરકારનો નિર્ણય : ઉદ્યોગ સ્થાપવાના હેતુ માટે જમીનો ખરીદનારા દ્વારા જમીન વેચનાર ખેડૂતને ઈચ્છે તેટલી ઈક્વિટી આપવાની સૌ પ્રથમ જોગવાઈ ગુજરાત સરકારે કરી**

ગાંધીનગર, તા.૮

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે સરકારી વહીવટ અને નિયમોને સરળ બનાવીને નાગરિકોને પડતી મુશ્કેલીઓ દૂર થાય તેવા જનહિતલક્ષી અભિગમને કાયમ પ્રાથમિકતા આપી છે. આ સંદર્ભમાં ગુજરાતમાં વિવિધ વિસ્તારોમાં પ્રચલિત ગણોત કાયદાઓને ગુંચવાડારહિત બનાવી ખેડૂતલક્ષી મહત્વપૂર્ણ ઐતિહાસિક સુધારાઓ રાજ્ય સરકારે અમલમાં મુક્યા છે. મહેસુલ વિભાગના અગ્ર સચિવ કે શ્રીનિવાસને આ ઐતિહાસિક પહેલરુપ સુધારાઓના અમલની વિગતો જણાવ્યું હતું કે, રાજ્યની વૈશ્વિક ગતિ-પ્રગતિને અનુસંધાને ઉદ્યોગો ગુજરાતમાં મોટાપાયે આવી રહ્યા છે. આવા ઉદ્યોગો માટે જમીન ખરીદનાર ઉદ્યોગકારને જમીન વેચનાર ખેડૂત જો ઈચ્છે તો પોતાની

● અનુસંધાન પાન-૭ પર

## ત્રણના બદલે સાત વર્ષમાં ઉત્પાદન શરૂ કરવાની છુટ

ગાંધીનગર, તા.૮

ભૂતકાળમાં ઉદ્યોગ માટે આવી જમીન ખરીદનાર આપેલી મુદતમાં ઔદ્યોગિક પ્રવૃત્તિ શરૂ કરવા અથવા માલનું ઉત્પાદન શરૂ કરવામાં નિષ્ફળ જાય તો તેવા ઉદ્યોગની જમીન માટે ચુકવેલી કિંમતને લક્ષ્યમાં લઈને રાજ્ય સરકાર વળતર આપી તમામ બોજાથી મુક્ત સરકારમાં નિહિત કરી શકે છે અને તે જમીનના ઉપયોગને લક્ષમાં લઈ તેનો નિકાલ પણ કરી શકે છે. આના પરિણામે ઉદ્યોગકાર પોતે ખરીદેલી આવી જમીન પર પોતાના કાબૂ બહારના સંજોગોમાં જો ઉદ્યોગ શરૂ ન કરી શકે તો આ ખરીદેલી ખાનગી જમીન અન્ય ઉદ્યોગકારને વેચી શકતો નથી અને તેને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. રાજ્ય સરકારે આ મુશ્કેલી નિવારવા હેતુ જે સુધારા કર્યા છે તેમાં ત્રણ વર્ષમાં ઔદ્યોગિક પ્રવૃત્તિ શરૂ કરવા અને પાંચ વર્ષમાં ઉત્પાદન અથવા સેવા પુરી પાડવાની જોગવાઈને બદલે હવે આવી સમયમર્યાદા સમગ્ર રીતે પાંચ વર્ષની કરી

**ખેતીની જમીન ખરીદવાની જોગવાઈમાં સુધાર : ગણોત કાયદાને ગૂંચવાડારહિત કરાયા**

● અનુસંધાન પાન-૭ પર








